# ગાંધીનગરમાં નોકરી અપાવવાના બહાને ૨૬ લાખની છેતરપીંડી

## એક યુવતિ સહિત ચાર નોકરીવાંચ્છુ ઈસમો સાથે પાંચ ઈસમોએ કરેલી ગંભીર છેતરપીંડી

નડિયાદ,તા.૨૭

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકા આંતરસુબા ગામના એક ઈસમે ગામના જ એક યુવક તથા તેના સંબંધીઓને ગાંધીનગર સચિવાલયના શહેરી વિકાસ મંત્રાલયમાં ક્લાર્ક તથા પટાવાળાની નોકરી આપવાની લાલચ આપીને રુ.૨૬ લાખની છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ આંતરસુબા પોલીસ મથકે નોંધાતા ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કપડવંજ તાલુકાના આંતરસુબા ગામના દાણીવાડા વિસ્તારમાં રહેતા વસંતભાઈ રમેશભાઈ પટેલ ખેતીવાડીના વ્યવસાય સાથે જોડાયેલા હતા. તેઓ શીક્ષિત બેકાર હતા. તેમના ઘરે તા.૧૫એપ્રીલ-૨૦૧૫ના રોજ તેમના જ ફળિયામાં રહેતા મહેન્દ્રભાઈ છગનભાઈ શર્મા આવ્યા હતા. તેઓએ વસંતભાઈના પિતા રમેશભાઈને કહ્યું હતું કે, મારા દીકરાને સચિવાલયમાં નોકરીમાં રાખ્યો છે. અને તમારે પણ તમારા દિકરાને મુકવો હોય તો સચિવાલયમાં પટાવાળા તરીકેની જગ્યા ખાલી છે. આ માટે તમારે રુ.૫ લાખની વ્યવસ્થા કરવી પડે, નોકરી પાકી છે અને મેં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પીએ સુધી તપાસ કરાવી લીધી છે જેથી વિશ્વાસમાં આવી ગયેલા રમેશભાઈએ દીકરા વસંતની નોકરી માટે રુ.પાંચ લાખની નાણાંકીય ગોઠવણ કરવા માટે સગાસંબંધીઓ પાસેથી નાણાં મેળવ્યા હતા. અને આ નાણાં તા.૧૬એપ્રીલના રોજ મહેન્દ્રભાઈ શર્માને આપ્યા હતા. નાણાં આપતા જ મહેન્દ્રભાઈએ વિશ્વાસ આપ્યો હતો કે એક અઠવાડીયામાં ઓડર આવી જશે. ત્યારબાદ તા.૨૦ના રોજ મહેન્દ્રભાઈ શર્માએ તેમના ઘરે આવીને વસંતભાઈને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં પટાવાળા તરીકેની સીધી ભરતીથી નોકરી આપવામાં આવે છે તેવો ઓર્ડર ધરાવતો લેટર આપ્યો હતો. અને આ નોકરી તા.૧૫મે-૨૦૧૫થી નોકરીનો કાર્યકાળ શરુ થયો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ વસંતભાઈ પટેલને લઈને મહેન્દ્રભાઈ શર્મા જુના સચિવાલયમાં ગયા હતા. જ્યાં એક કારમાં જૈમિન રમેશભાઈ શર્મા સાથે વસંતભાઈનો પરિચય કરાવ્યો હતો તેમની બાજુમાં અમિત શર્મા, કામીની શર્મા અને મૌલિક શર્મા નામના ઈસમો પણ બેઠા હતા. તેઓનો પણ પરિચયવિધિ કરાવી હતી. અને આ પણ તમારી સાથે નોકરીમાં જોડાયા છે તેમ કહીને સચિવાલયના પાર્કીંગમાં તેઓને બેસાડી રાખતા હતા. થોડા સમય બાદ પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાનું માલુમ પડતાં વસંતભાઈ અને તેમના પિતા રમેશભાઈ પટેલે નાણાંની ઉઘરાણી શરુ કરી હતી. પરંતુ નાણાં આપવા માટે મહેન્દ્રભાઈ શર્મા કંઈ ગણકારતા નહોતા જેથી ત્રાહિમામ પોકારી ગયેલા વસંતભાઈ પટેલે આંતરસુબા પોલીસ મથકે મહેન્દ્રભાઈ શર્મા, જૈમિન રમેશભાઈ શર્મા, અમિત શર્મા, કામીનીબેન શર્મા તથા પપ્પુ ઉર્ફે મૌલિક શર્મા તમામ રહે.અપ્રુજી.તા.કઠલાલનાઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપીંડીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આજ પ્રકારે મહેન્દ્રભાઈએ વસંત પટેલની સાથે સાથે નિશા પટેલ, હાર્દિક પટેલ અને યોગેશ પટેલને સચિવાલયમાં ક્લાર્કની નોકરી માટેના નિમણુંકપત્રો પણ આપ્યા હતા. પરંતુ તેઓને ટ્રેનીંગ બાદ નોકરીએ રાખવામાં આવશે તેમ જણાવતા હતા. આ સંદર્ભે ગાંધીનગર સચિવાલયમાં તપાસ કરતાં આ શહેરી વિકાસ મંત્રાલય વિભાગના લેટરહેડ અને સહી-સિક્કા બનાવટી હોવાનું માલુમ પડ્યું હતું જ્યારે નાયબ સચિવ અશોકસિંહ પરમારની સહી પણ સ્કેન કરેલી હોવાનું જોવા મળ્યું હતું. જ્યારે મહેન્દ્રભાઈ શર્મા પાસે વસંતભાઈએ વારંવાર નાણાંની ઉઘરાણી કરતા તેઓએ પોતે ઝેર પીને આપઘાત કરી લેશે તેવી ધમકી પણ આપી હતી. આમ છતાં પણ ધમકીથી ડર્યા વિના વસંતભાઈએ હિંમત દાખવીને આ ૨૬ લાખની છેતરપીંડી કરનારા મહેન્દ્ર શર્મા સહિતના પાંચ ઈસમો સામે ફરિયાદ નોંધાવતા ભારે ચકચાર મચી ગઈ છે.

# બનાસકાંઠામાં આરોગ્ય ક્ષેત્રે ૯૦૦ જગ્યા ખાલી

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી આરોગ્ય વિભાગમાં ૯૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે. રાજ્ય સરકાર એક તરફ સ્વસ્થ ગુજરાતની વાતો કરે છે તો બીજી તરફ આરોગ્ય પ્રધાન શંકર ચૌધરીના જ જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ૯૦૦થી વધારે જગ્યાઓ ખાલી છે. મુખ્ય જિલ્લા અધિકારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, તેમજ તાલુકા મુખ્ય અધિકારી, મેડીકલ ઓફિસર, ઈસીએસ, શાળા આરોગ્ય નિરીક્ષક ફાર્માસિસ્ટ અને લેબ ટેકનીશીયન જેવી મહત્વની જગ્યાઓ ખાલી હોવાથી કોંગ્રેસે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે. તેમજ જિલ્લામાં આરોગ્ય વિભાગમાં ૯૦૦ વધુ જેટલી જગ્યા ખાલી હોવાના લીધે આ મુદ્દો જિલ્લા પંચાયતની સાધારણ સભામાં પણ ઉછળ્યો હતો. જો કે સરહદી બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ છેલ્લા કેટલાય વર્ષોથી જિલ્લાના મુખ્ય અધિકારી સહીતની અનેક જગ્યા ખાલી હોવાથી જિલ્લાનું આરોગ્ય વિભાગ હાલમાં ઈન્ચાર્જ સરકારી બાબુઓના ભરોસે ચાલી રહ્યું છે. ત્યારે જિલ્લામાં આટલા લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓને લઈને કોંગ્રેસે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

### ખાલી પડી રહેલી જગ્યાઓની વિગત

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી - ૧
અધિક જિલ્લા આરોગ્ય અધિકારી - ૧
તાલુકા આરોગ્ય અધિકારી - ૯
મેડીકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - ૩૬
મેડીકલ ઓફિસર મો. યુનિ. - ૩
હોમી - ૮ ● વનબંધુ - ૩ ● ઈસીએસ - ૨
શાળા આરોગ્ય નિરીક્ષક - ૧ ● પી.એમ.એ. - ૧
મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર - ૧૫
ફિમેલ હેલ્થ સુપરવાઈઝર - ૬૯
ફાર્માસિસ્ટ - ૪
લેબ ટેકનિશીયન - ૫૭
મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર - ૩૩૫
ફિમેલ હેલ્થ વર્કર - ૩૬૬
સ્ટાફ નર્સ - ૧૮

દાંતીવાડાનાં વાઘરોલ ગામે અલ્પેશ ઠાકોરે વ્યસન મુક્તિ અભિવાદન કાર્યક્રમમાં કર્યો ધડાકો

# ગુજરાતના ૧૮૨ વિધાનસભા બેઠક વિસ્તારમાં યોજાશે જનતા દરબાર : ૨૦ એપ્રિલે બનાસકાંઠાથી શરૂઆત

ડીસા, તા. ૨૭

બનાસકાંઠા માં ૬૦૦ જેટલા ગામ વ્યસન મુક્ત બન્યા છે .આ એક મોટી સિદ્ધિ છે જેને બિરદાવવા અગ્રણીઓ એ એક અભિયાન છેડી વ્યસન મુક્ત સમાજ બનાવવા પ્રયત્નો હાથ ધર્યા હતા.જે માં ઠાકોર સમાજ અગ્રણી અલ્પેશ ઠાકોર સાક્ષરતા કેળવે તો જ એક સમૃદ્ધ રાષ્ટ્ર નું નિર્માણ થઈ શકે છે તેવું જણાવ્યું હતું .આ અભિવાદન કાર્યક્રમમાં અનેકો ક્ષત્રિય સમાજના બનાસકાંઠા માં ૨૦ એપ્રિલે નાં રોજ જીલ્લા ની કોઈપણ એક વિધાનસભા માં આ જનતા દરબાર ની પ્રથમ શરૂઆત કરવામાં આવશે જેમાં પ્રજા




ઠાકોર સમાજ ના અગ્રણી નેતા અલ્પેશ ઠાકોર વાઘરોલ આવ્યા હતા અને વ્યસન મુક્ત તમામ ગામો ના લોકો નો આ પ્રસંગે આભાર માન્યો હતો.અને અભિવાદન કરી આ કાર્યક્રમ ગુજરાતના ગમે ગામ યોજી જનતા દરબાર માં સરકાર અને તેમના વિધાયકો પાસે થી કામ નો હિસાબ માંગવાના કાર્યક્રમનો ધડાકો કર્યો હતો .

બનાસકાંઠા માં થોડા સમય પહેલા એક મોટો વર્ગ દારૂ ગુટકા સહીત ના વ્યસનો થી જોડાયેલઓ હતો.જો કે ઠાકોર સમાજ બનાસકાંઠા સહીત રાજ્ય ભર માં વ્યસન મુક્તિ અભિયાન ચલાવ્યું હતું .જે ને બનાસકાંઠા માં વ્યાપક આવકાર મળ્યો છે અને બનાસકાંઠા માં ૬૦૦ ગામો વ્યસન મુક્ત બન્યા છે.જે માં આજે ૧૦૦? વ્યસન મુક્ત બનેલા વાઘરોલ ગામ માં આજે અલ્પેશ ઠાકોર દ્વારા વ્યસન મુક્ત બનેલ તમામ ગામ ના લોકો નો જાહેર મંચ પર થી આભાર માન્યો હતો અને તેમનું અભિવાદન પણ કર્યું હતું અને અન્ય સમાજો પણ દુષણ સ્વરૂપ બનેલા વ્યસનો ને તિલાંજલિ આપી વ્યસન મુક્ત બની આગેવાનો અને જીલ્લા કક્ષાના હોદ્દેદારો અને તાલુકા હોદ્દેદારો ખાસ હાજર રહ્યા હતા જેમાં વિવિધ આગેવાનોએ મંચ પરથી હજારોની માનવ મેદની સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા..

આ અભિવાદન કાર્યક્રમમાં મંચ પરથી ધડાકો કરતા અલ્પેશ ઠાકોરે પોતાના આગામી કાર્યક્રમ ની જાહેરાત કરી હતી અને સરકારને સંબોધી જણાવ્યું હું કે ""અમો આગામી એપ્રિલ માસ થી ગુજરાત ભરમાં ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોમ જનતા દરબાર યોજીશું જેમાં સાથે ચૂંટાયેલા નેતાઓ પાસે તેમના કામનો હિસાબ મંગાશે તેવું તેમને જણાવ્યું હતું આ પ્રસંગે ઠાકોર સમાજના અનિરુધ્ધ સિહ નામના યુવાને GKTS નામની અનિરુધ્ધ સિહ નામના યુવાને લોન્ચ કરેલ એપ્લીકેશ્ન લ્પોંચ કરતા તેમનું સન્માન મંચ પરથી કરાયું હતું અને ગુગલ પ્લે સ્ટેશન પરથી આ એપ્લીકેશન ઈન્સ્ટોલ થઈ શકે છે ત્યારે આવા યુવાનો ના કામ ની જેમ સમાજ પ્રગતી કરે અને ઉત્થાનની નવી દિશા પામે તેવો તેમને આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# મોડાસામાં 'તખ્તાના તોખાર' નાટ્યોત્સવને ભવ્ય પ્રતિસાદ

મોડાસા, તા. ૨૭

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને સુરક્ષાસેતુના મળે છે.

મોડાસાના કોલેજ ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા વિશ્વ રંગભૂમિ ચેરમેન યોગેશભાઈ ગઢવી તથા સચીવ બિપીનભાઈ તલાટીએ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા અને ઉમેર્યું



સહયોગથી સમગ્ર ગુજરાતમાં નાટ્યોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ધી. મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના ઓપનએર થિયેટર, કોલેજ ગ્રાઉન્ડમાં 'તખ્તાના તોખાર' નાટ્યોત્સવ આયોજિત કરવામાં આવ્યો છે. જેને મોડાસા નગર અને આસપાસની જનતાએ વધાવી લીધો છે. મૂલ્યલક્ષી અને સંસ્કારલક્ષી ઉત્તમ નાટકો આ સાત દિવસ સુધી બતાવવામાં આવ્યા છે. આ નાટ્યોત્સવ તારીખ સત્તાવીસ માર્ચ સુધી ચાલનાર હોવાનુ જાણવા દિન અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તથા સુરક્ષાસેતુ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે મેઘધનુષ્યના સાત નાટકોમાં જનતાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે મ.લા. ગાંધી ઉ.કે. મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, ડૉ. અરૂણભાઈ શાહ, સુભાષભાઈ શાહ, ડૉ. ઘનશ્યામભાઈ શાહ, પરેશભાઈ મહેતા, ડૉ. નવીનભાઈ શેઠ, મહેન્દ્રભાઈ શાહ ભારે જહેમત ઉઠાવી રહ્યાં છે.

આ નાટકો જાહેર જનતા માટે કોઈપણ પ્રકારની ફી કે પાસ વગર તદન ફ્રી બતાવવામાં આવે છે. અકાદમીના હતું કે સંસ્થા દ્વારા સમાજને સાથે લઈને આવા ઉત્તમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેને સમાજના ઉત્થાનનો એક ભાગ ગણાવ્યો હતો.

મોડાસા ખાતે ચાલતા નાટ્યોત્સવ પ્રસંગે સચિવ બિપીનભાઈ તલાટી ડાયરેક્ટર નવીનીતભાઈ નાયક તથા શિલ્પાબેને મુલાકાત લીધી હતી. 'તારક મહેતા' ફેઈમ ધનંજય પટેલનું માર્ગદર્શન મળ્યું હતું. 'છેલ્લો દિવસ' ફિલ્મની હિરોઈન પ્રાપ્તી અજવાળીયાએ સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. અને લોકોએ તેમની સાથે ફોટોગ્રાફી કરી હતી.

## નોગોહપુરા મહિલા દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળીનો પ્રારંભ

શિહોરી, તા. ૨૭

ધૂળેટીના પર્વે કાંકરેજ તાલુકાના આકોલી સ્થિત બનાસડેરી સંચાલિત નવીન નોગોહપુરા મહિલા દૂધ ઉત્પાદક સેવા સહકારી મંડળીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સહકારી આગેવાનો અને પશુપાલકો હાજર રહ્યા હતા.

આ દૂધ ઉત્પાદન મંડળીના ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિ વિશેષપદે રાજાભાઈ રામાભાઈ પટેલ હાજર રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ઉપરાંત કાર્યક્રમમાં વિવિધ દૂધ મંડળીના સંચાલકો મહિલા વિજયાબેન દેસાઈ, લાસુબેન દેસાઈ, રૂપીબેન, શાંતાબેન, ભાણીબેન સહિત સરપંચ વિજુભા વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## અંબાજીમાં હોળી પર્વની ઉજવણી કરાઈ

અંબાજી, તા. ૨૭

પરાક્રમી રાજા હીરણ્ય કસુપે પોતાની બહેન હોળીકાની મદદથી પોતાના જ પુત્ર પ્રહલાદને અગ્નિમાં સળગાવી દેવાના પ્રસંગને ભક્ત પ્રહલાદની ભક્તિના કારણે પ્રચલીત બનેલા હોળીનો પર્વ આજે દેશભરમાં ઉજવાઈ રહ્યો છે. ને આ હોલીકા દહનને રાતે કે ન દિવસે આમ સંધ્યા કાળે કરવામાં આવે છે. આ હોળીકા દહનનો કાર્યક્રમ વાજતે ગાજતે અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ તથા મંદિરના વહીવટદાર દ્વારા ખાસ પૂજા અર્ચના કરવામાં આવી હતી અને પછી ઠાકોર સમાજના અગ્રણીઓ દ્વારા હોળીને પ્રગટાવવામાં આવી હતી અને નવાઈની વાત તો એ છે કે આ હોળીમાં લોકો કપુર અને ઈલાયચીની પણ આહુતિ આપી હતી. જેના ધુમાડાથી સ્વાઈન ફ્લુ જેવા રોગોથી રક્ષણ મળતુ હોવાનું માનવામાં આવે છે.

# ખારી ગામ નજીક લકઝરી બસનું ટાયર ફાટતા પલટી : ૨ના મોત : ૨૫ ઈજાગ્રસ્ત

શામળાજી, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક ખારી



ગામ નેશનલ હાઈવે નં. ૮ પરથી મુંબઈથી નાથદ્વારા મુસાફરોને ભરીને જઈ રહેલી ખાનગી કંપનીની લકઝરી બસનું આગળનું ટાયર ફાટતા લકઝરી બસ બે પલટી ખાઈ ઉંધા માથે પટકાતા લકઝરી બસમાં મુસાફરી કરી રહેલી ૨ મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર મળે તે પહેલા મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ૨૫ જેટલા મુસાફરોના શરીરે ઈજાઓ પહોંચતા તાબડતોડ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યલન્સ દ્વારા નજીકના સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. શામળાજી પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા ખારી ગામ નજીક શનિવારે મોડી રાત્રીના સુમારે મુંબઈથી નાથદ્વારા તરફ જઈ રહેલી લકઝરી બસનું આગલનું ટાયર અચાનક ધડાકાભેર ફાટતા લકઝરી બસના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા લકઝરી બસ બે પલટી ખાઈ રોડ નજીક રહેલા ખાડામાં ખાબકી હતી. લકઝરી બસમાં મુસાફરી કરી રહેલી બે રાજસ્થાનની મહિલાઓ ભોલીદેવી રામલાલજી સુથાર ઉં.વ. ૫૫, રહે. લવાણા રાજસ્થાન તેમજ મોહીનીબાઈ રામલાલ લૌહાર ઉં.વ. ૬૫, રહે. તુરકીયાખુર્દ, રાજસ્થાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. મધ્યરાત્રીએ લકઝરી બસને અકસ્માત નડતા ગાઢ નિંદ્રામાં રહેલા મુસાફરો સફારા જાગી ગયા



હતા અને ચીસાચીસ કરી મુકી હતી. બસમાં મુસાફરી કરી રહેલા અન્ય ૨૫ જેટલા ઈજાગ્રસ્તોના શરીરે વત્તા ઓછી ઈજા પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ અને શામળાજી પોલીસે તાબડતોડ તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને હાઈવે પેટ્રોલીંગ એમ્બ્યુલન્સ દ્વારા નજીકના સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. મધ્યરાત્રીએ બનેલા આ ગોઝારા અકસ્માતના પગલે શામળાજી-હિંમતનગર નેશનલ હાઈવે એમ્બ્યુલન્સના સાયરનથી ધમધમી ઉઠ્યો હતો. શામળાજી પોલીસે ગૌરીશંકર જગદીશચંદ્ર સુથાર (રહે. રાજસ્થાન)ની ફરિયાદના આધારે લકઝરી બસ (ગાડી નં. આરજે૬પીએ૯૭૭૧)ના ડ્રાઈવર વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર લકઝરી ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# વીજ તંત્રની બેદરકાળજીથી લીંભોઈ ગામે ઘઉંનો પાક બળીને ખાખ

મોડાસા, તા. ૨૭

વીજતંત્રથી ખેડૂતો વાજ આવી ગયા છે. હલકી પ્રકારની સામગ્રી અનિયમિતતા, કામમાં વેઠ, ખોટી મુસાફરી, ગાડીઓના ખોટા ખર્ચા કરતા પરિણામ શૂન્ય. આ મેઘરજ તાલુકાની વીજતંત્રની બલિહારી છે. જેના કારણે વારંવાર લાઈનો, ડીપી લંગરીયા રીપેરીંગ કરવામાં સ્ટાફના લાઈનમેનો દોડ્યા કરે છે. વળી સારાએ તાલુકામાં વીજતાર એટલા બધા નીચા આવી ગયા છે અને થાંભલા પણ વાંકા વળી ગયા છે કે ખેડૂતોના પાકને મોટુ નુકશાન થાય. આવા પાક બળી જવાના કિસ્સામાં યુજીવીસીએલ શું વળતર આપશે ?

મેઘરજ તાલુકાના લીંભોઈ ગામના રામાભાઈ નાથાભાઈ પટેલના ખેતરમાં બપોરના સમયે ઘઉંનો પાક તૈયાર હતો ત્યારે ખેતરમાંથી પસાર થતી વીજતારની લાઈન ખૂબજ નીચી હોવાથી અને પવન, વાવાઝોડાની અસરથી ખેતરમાં ઘઉંનો પાક ભેગો કરેલ હતો તેમાં એકાએક આગ બપોરે લાગતા પાક બળી ગયો હતો. આ સમયે ખેતરમાં ઘઉં વાઢવાનું ચાલુ હોવાથી માણસો બૂમો પાડવાથી ભેગા થઈ ગયા હતા અને પાણીનો મારો ચલાવતા આગને કાબુમાં લીધી હતી. પણ આગ કોઈનું રાખતી નથી. અગ્નિ દેવતાએ ૧૫૦થી વધુ મણ જેટલા ઘઉં બળી જતાં રાખ થઈ જતાં રામાભાઈ પટેલના માથે આભ તૂટી પડતા રૂ. ૫૦ હજારનું નુકશાન થવા પામેલ છે.

તાલુકામાં દરેક જગ્યાએ લાઈનો ઉભી થયા પછી ઢીલા થયેલા તાર ફરી ખેંચવામાં આવ્યા નથી. જે તંત્રની બેદરકાળજી છે તે અંગે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

## વિરોજા પાસે ટેન્કરની ટક્કરે બાઈકસવારને ગંભીર ઈજા

ખેડા જિલ્લાના માતર તાલુકાના દલોલી-વિરોજા રોડ ઉપર ગતરોજ બપોરે એક ટેન્કરે વિરોજના બાઈકચાલકને ટક્કર મારીને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ લિંબાસી પોલીસ મથકે નોંધાઈ છે જેના આધારે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા એસ.ટી. બસ ડેપોમાંથી ચેન સ્નેચર ઝડપાયો

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં પરિવાર સાથે રહેતા મૂળ છીટાદરા (મેઘરજ)ના અમરાભાઈ ડામોર હોળી-ધૂળેટી પર્વ નીમીત્તે વતનમાં આવ્યા હતા. તહેવાર વતનમાં મનાવ્યા બાદ પરીવાર શુક્રવારના રોજ પરત ગાંધીનગર જઈ રહયો હતો. મોડાસા એસ.ટી. બસ સ્ટેન્ડ ના પ્લેટ ફોમ ઉપર પાર્ક કરાયેલ ગાંધીનગર તરફ જતી બસમાં અમરાભાઈ ડામોરના પત્ની સીતાબેન ચડી રહયા હતા ત્યારે ભીડનો ગેરલાભ ઉઠાવી ઘૂસી આવેલા એક શખ્શે મહીલાના ગળામાં પહેરેલ સોનાની ચેન કોઈ પણ રીતે કાપી કે ચોરી લેતા ભારે હોં હા મચી હતી. સ્ટેન્ડ માં હોબાળો મચ્યો હોવાની જાણ થતાં લીઓ પોલીસ ચોકી ઉપર ફરજ બજાવતા ટાઉન પોસઈ બી.એચ.ઠાકોર તાબડતોડ સ્ટેન્ડ ઉપર પહોંચ્યા હતા. અને સીતાબેન દ્વારા વર્ણન કરાયા મુજબના ચેન સ્નેચરને સ્ટેન્ડ ઉપરથી ઝડપી પાડી હવાલાતે કર્યો હતો. જયારે ગોપાલપુરા(કપડવંજ)ના ચેન સ્નેચરની મહીલા મદદગાર ભાગી છુટી હતી. મોડાસા ટાઉન પોલીસે અમરાભાઈ સુજાભાઈ ડામોર રહે. વાવોલ (ગાંધીનગર) મૂળ રહે. છીટાદરા (મેઘરજ)ની ફરીયાદના આધારે મહીલાના ગળામાંથી અઢી તોલાની સોનાની ચેન અં.કી. રૂપિયા ૨૧૦૦૦ની ચીલઝડપ કરવાના ગુનામાં ઝડપાયેલ આરોપી છોટુભાઈ હેમતાભાઈ લસણીયા (વાઘરી) રહે. ગોપાલપુરા (કપડવંજ)નાઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.